PGVCL　　　　પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ　　　　PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર


રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૦/કવા–૦૨/૧૮–૧૯/ 10789-12　　　　તા. 14-12-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ગુસાભાઈ નાથાભાઈ ડોસાણી,
ગામ: કનકપર
તા.કલ્યાણપુર, જી: દેવભુમી દ્વારકા
પીનકોડ–૩૬૧૩૨૦
મો: ૯૮૯૮૮ ૪૩૬૧૨

વિષય :–ખેતીવાડી જોડાણ ના વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૬–૦૮–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૦/કવા–૦૨/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, જામ ખંભાળીયા

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી,વડત્રા

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં.: સીજીઆરએફ : ૪૦/ક્વા–૦૨/૧૮–૧૯

કમિટી મીટીંગ: તા.૨૦–૦૯–૧૮, તા.૨૩–૧૦–૧૮ અને તા. ૨૭–૧૧–૧૮ સ્થળ : જામ ખંભાળીયા

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: ગુસાભાઈ નાથાભાઈ ડોસાણી, ગામ: કનકપર

રજુઆત કરનાર: અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે અરજદાર ના પુત્ર ઘનાભાઈ નાથાભાઈ ડોસાણી હાજર રહેલ છે.

વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી,વડત્રા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)

રજુઆત કરનાર :આર.વી.સોમાણી – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, જામ ખંભાળીયા

## : હુકમ :

ફરીયાદ : ખેતીવાડી જોડાણ ના વીજબીલ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ ખેતીવાડી વીજજોડાણ મેળવેલ છે – પરંતુ, તેઓએ સદર વીજબીલ ન મળવા અંગે ની વારંવાર ફરીયાદ કરવા છતા – તેમજ લેખીત ફરીયાદ તા.૧૯–૦૩–૧૮ થી સબંધક પેટા વિભાગીય કચેરી ને કરેલ – પરંતુ, આજદિન સુધી વીજબીલ મળેલ ન હોય – જે નિયમીત મળે તે અંગે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી ગુસાભાઈ નાથાભાઈ ડોસાણી રે.કનકપર તા.કલ્યાણપુર દ્વારા તેઓના માડી - કનકપર ગામ ના સર્વે નંબર ૨૬૫ (૪૭ પૈકી) ખેતીવાડી વીજ જોડાણ મેળવવા તત્કાલ યોજના હેઠળ રૂ. ૫૦૦/- રસીદ નંબર ૩૩૫૯૧ તારીખ ૧૬.૦૮.૨૦૦૪ થી ભરપાઈ કરી અને તારીખ ૨૮.૦૬.૨૦૦૭ અંદાજપત્ર ના રૂ. ૨૫૨૮૦/- ભરપાઈ કરી તત્કાલ **યોજના હેઠળ નુ ખેતીવાડી** વીજ જોડાણ મેળવેલ છે. પરંતુ તેઓ ને કચેરી તરફથી બિલ મળતું નથી તેવી ફરિયાદ વડતરા કચેરી એ તારીખ ૧૯.૦૩.૨૦૧૮ નઆ રોજ લેખિત અરજી થી રજુઆત કરેલ છે. સદર બાબતે – ફોરમ કમિટી મીટીંગ: તા.૨૦–૦૯–૧૮ ના રોજ પીજીવીસીએલ દ્વારા સદર કેસ ની ખરાઈ માટે સમય માગેલ.<br>ઉપરોક્ત બાબતે **વિભાગીય કચેરી ના પત્ર તા. ૨૭–૧૧–૧૮ અન્વયે – અરજદાર ને લેખીત પત્ર તા. ૧૩–૧૧–૧૮ મા જણાવ્યા મુજબ** ના **આધાર–પુરાવા રજુ કરવા જણાવેલ** – જે રજૂ થયે આગળ ની કાર્યવાહી કરવામાં આવશે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **૩.૧** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ગુસાભાઈ નાથાભાઈ ડોસાણી, ગામ: કનકપર ખાતે જુના સર્વે નંબર: (૪૭ પૈકી) તથા નવા સર્વે નંબર: ૨૬૫ મા તત્કાલ યોજના હેઠળ અંદાજપત્ર ભરપાઈ થયા બાદ, તેઓના વીજ જોડાણનુ વીજ મીટર લાગી ગયેલ હોવા છતા – તેઓનુ વીજબીલ મળેલ ન હોય – જેની લેખીત જાણકારી પેટા વિભાગીય કચેરી,વડત્રા ને તા.૧૯–૦૩–૧૮ ના રોજ કરેલ હોય – જેનુ નિરાકરણ ન થતા – અરજદારે તા.૧૪–૦૮–૧૮ અન્વયે ની લેખીત ફરીયાદ ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર માં – તેઓને વીજબીલ મળતુ થાય તે અંગે ન્યાયિક રજુઆત કરેલ.<br><br>ઉપરોક્ત બાબતે – અરજદાર દ્રારા રજુ કરાયેલ ૮–અ મા દર્શાવ્યા મુજબ તા.૦૮–૦૨–૧૮ ની સ્થિતીએ– માળી ગામે તા.કલ્યાણપુર મા કબ્જેદાર તરીકે – શ્રી ગુસાભાઈ નાથાભાઈ ડોસાણી, સર્વે નંબર: ૨૬૧ પૈકી ૧ અને સર્વે નંબર: ૨૬૫ ધરાવે છે, અને ગામ ના નમુના નં.૭ મા દર્શાવ્યા મુજબ ખેતર નુ નામ પાટડો – સર્વે નંબર: જુના સર્વે નંબર: (૪૭ / પૈકી ૧/ પૈકી ૩ ગુસાભાઈ નાથાભાઈ ના નામે બતાવેલ છે. તેમજ પીજીવીસીએલ ની પેટા વિભાગીય કચેરી,વડત્રા દ્રારા તત્કાલ યોજના હેઠળ ના ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે માંડી ગામ ખાતે ગુસાભાઈ નાથાભાઈ ઉકરડા / ડોસાણી દ્રારા તા.૧૬–૦૮–૦૪ ના રોજ રૂ.૫૦૦/– ભરપાઈ કરી રજીસ્ટ્રેશન થયેલ છે. જેમા રસીદ નં.–૩૩૫૯૧ બુક નં.– ડબલ્યુટીએ ૪૮૩૪ દર્શાવેલ છે, અને નિયત ભાવપત્રક રજુ કરેલ છે, જેમાં સર્વે નંબર: ૪૭ પી ગામ: કનકપર, ૭.૫ હોપા – જાવક નં.–જેકેડી/૧૦૭૦ તા.૩૧–૦૫–૦૭ થી રૂ.૨૫,૨૮૦/– અપાયેલ છે. જેનુ ભરપાઈ કરવાની છેલ્લી તારીખ – ૩૦–૦૬–૨૦૦૭ બતાવેલ છે. તેમજ, પીજીવીસીએલ ની રસીદ નં.–૦૫૬ તા.૨૮–૦૬–૨૦૦૭ બુક નં.– પીજીએ ૪૬૪૧ થી રૂ.૨૫,૨૮૦/– ગુસાભાઈ નાથાભાઈ ડોસાણી ના નામે બી–૧ કેટેગરી હેઠળ નવા જોડાણ માટે ભરપાઈ થયેલ છે. |
| **૩.૨** | સદર કેઈસ મા, ઉપરોક્ત બાબતે વિભાગીય કચેરી, જામ ખંભાળીયા ના પત્ર તા.૧૯–૦૯–૧૮ મા જણાવ્યા – મુજબ સદર અરજદાર ની રજુઆત અન્વયે ની કેઈસ ફાઈલ – પીજીવીસીએલ ની પેટા વિભાગીય કચેરી,વડત્રા મા રેકર્ડ મા ચકાસણી કરવામા આવતા ઉપલબ્ધ થયેલ નથી. અરજદાર દ્રારા તા.૨૮–૦૬–૦૭ ના રોજ એટલેકે ૧૧ વર્ષ પહેલા નાણા ભરપાઈ કરેલ હોય – તેઓના વીજજોડાણ અંગે જરૂરી દસ્તાવેજીક પેપર્સ મેળવી ચકાસણી કરી અને કાર્યવાહી કરવામા આવશે. સદર બાબતે પીજીવીસીએલ ની પેટા વિભાગીય કચેરી,વડત્રા દ્રારા પત્ર તા.૧૯–૧૦–૧૮ મા જણાવ્યા – મુજબ તા.૨૮–૦૯–૧૮ ના રોજ અરજદાર ની હાજરી મા સ્થળ ની મુલાકાત લઈ ને રોજકામ કરેલ – તે મુજબ ૧૧ કેવી મેવાણ એજી ફીડર માથી અગાઉ એલ.ટી.લાઈન માથી વીજ મીટર લગાડાયેલ હતુ, જે સદર ફીડર નુ એચ.વી.ડી.એસ. યોજના હેઠળ – કાર્યવાહી થયેલ હોય – એલ.ટી.લાઈન ઉતારી દીધેલ છે. તેમજ થ્રી ફેઈઝ મીટર – લોખંડ ની એમ.એમ.બી. વીજપોલ ઉપર લાગેલ છે. જેના પર – પીજીવીસીએલ નુ સીલ નં.– ૦૦૧૬૨૪૩ અને મીટર ના સીરીયલ નં.–૦૪૯૨૮૧૫૭ જણાયેલ છે. જેથી, મીટર સીરીયલ નંબર પરથી એલ.ટી. બીલીંગ રેકર્ડ ની ચકાસણી કરવામા આવતા – સદર વીજ મીટર શ્રી કારા બોઘા ડોસાણી ના નામે ગ્રાહક નં.–૮૮૯૧૧/૦૦૬૩૫/૧, ૭.૫ હોપા તા.૦૨–૦૫–૧૦ ના રોજ રીલીઝ થયેલ છે , સદર ગ્રાહક ના પી.આર.ટી.–૧૪૫ મુજબ – સદર ગ્રાહક નુ – સદર જોડાણ માહે સપ્ટેમ્બર–ઓક્ટોબર–૧૨ થી વાય–સ્ટેટસમા છે. તેમજ તા.૨૭–૦૭–૧૨ ના રોજ વીજજોડાણ પીડીસી થયેલ છે. સ્થળ રોજકામ મુજબ સદર વીજજોડાણ વાળા વ્યક્તિ બાબતે જણાવેલ કે – જેની વાડી તેઓની બાજુની વાડીમાંજ રહેઠાણ ધરાવે છે, તેઓને રૂબરૂ સ્થળ પર બોલાવી અને પુછતા જણાવેલ કે – તેઓના નામે એક પણ ખેતીવાડી વીજજોડાણ કે ઘરવપરાશ વીજજોડાણ ધરાવતા નથી, કે સદર ગ્રાહક નંબર વાળુ વીજજોડાણ તેઓની માલીકી નુ નથી. વધુમાં સદર બાબતે પેટા વિભાગીય કચેરી,વડત્રા દ્રારા અરજદાર ને રજીસ્ટર્ડ ટપાલ દ્રારા લેખીત પત્ર થકી જાણકારી આપેલ કે – સદર વીજજોડાણના બીલ સબંધીત એ–૧ ફોર્મ, તથા અદ્યતન સ્થિતી ના ૭–૧૨,૮–અ,હકક પત્રક નં–૬ અને પાણીપત્રક નં–૧૬ અને ભાવપત્રક તથા ભરપાઈ કરેલ રસીદ ની નકલ– તેમજ રૂ.૧૦૦/– ના સ્ટેમ્પપેપર પર સોગંદનામુ દિન–૦૭ મા રજુ કરવા જણાવેલ. જે રજુ થયેથી અને અરજદાર દ્રારા કરાયેલ વીજવપરાશી યુનીટ મુજબ નુ બીલ ભરપાઈ થયે – પીજીવીસીએલ પક્ષકાર દ્રારા આગળ ની નિયમાધીન કાર્યવાહી અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૩૦ માં પૂર્ણ કરવી, જેથી ગ્રાહક ને નિયમીત વીજબીલ મળે તેમજ – સદર બાબત ખૂબજ ગંભીર હોય, તેમજ કંપની ને સમયસર વીજબીલ ના નાણા ભરપાઈ ન થવાના કારણે નુકશાન થયેલ હોય – જેથી કસુરવાર કર્મચારી સામે કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવા સુચિત કરવામા આવે છે, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.-૪ :**

## હુકમ

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.